**બિસ્મેહી સુબ્હાનહુ**

"હું તમારા વચ્ચે બે મહાભારે વસ્તુ છોડીને જઇ રહ્યો છું. અલ્લાહની કિતાબ (કુર્આને મજીદ) અને મારી ઈતરત આ બન્ને કદી એક બીજાથી જુદા નહીં થાય એટલે સુધી કે હૌઝે કૌસર પર મારી મુલાકાત કરે."

(હદીસે સકલૈન - રસુલે ખુદા સ.અ.વ.)

# તજવીદના નિયમો બાલેગાન

અનુવાદ- **ઈમામીયા કવાએદે તજવીદ**

**તન્ઝીમુલ મકાતિબ**

**લખનઊ**

પ્રકાશક

**શાબાન એજયુ કેશન એન્ડ વેલ્ફેર સેન્ટર મહુવા.**

પ્લોટ નં. ૩૩, નાગરની વાડી, નવા બસ સ્ટેશન પાસે,

મહુવા. ૩૬૪૨૯૦ ડી. ભાવનગર (ગુજરાત)

ફોન નં. (૦૦૯૧ - ૨૮૪૪) ૨૨૬૮૧૦

## પાઠ પહેલો

## ઈલ્મે તજવીદ અને તેની જરૂરત

તજવીદનો અર્થ સારૂં અને સુંદર બનાવવું.

તજવીદ એ વિદ્યાનું નામ છે જેના વડે કુર્આને મજીદના અક્ષરો અને શબ્દોને સારામાં સારી રીતે બોલવા તેમજ આયતો અને શબ્દો પર વકફના નિયમો જાણવા મળે છે.

આ વિદ્યાની સૌથી મોટી ખાસિયત એ છે કે દુનિયાની દરેક ભાષામાં તેને બોલનાર અને તેની બોલવાની રીત બીજી ભાષાઓ કરતા જુદી હોય છે અને આ જ વિદ્યા તે ભાષાની મીઠાશ અને સુંદરતાને ઝાહિર કરે છે.

જયાં સુધી જે ભાષાની ઢબ જળવાઈ રહે છે ત્યાં સુધી તે ભાષાની સુંદરતા જળવાઈ રહે છે. અને જયારે ભાષાની ઢબ બદલાઈ જાય છે ત્યારે તે ભાષાની સુંદરતા ખત્મ થઈ જાય છે. માટે જરૂરી છે કે જયારે કોઈ પણ ભાષા બોલીએ ત્યારે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે અક્ષરો એવી સુંદર રીતે બોલીએ જેવી રીતે તે ભાષા બોલનારાઓ બોલી રહ્યા હોય.અને તેમાં બની શકે ત્યાં સુધી તે ભાષાની ઢબ પ્રમાણે બોલવું જોઈએ.તજવીદ વગર બોલવામાં આવતી ભાષા, ભાષા તો કહેવાશે પરંતુ તેના જાણકારો તજવીદ વગર બોલાયેલ ભાષાને તેની બરબાદી કહેશે.

ઉર્દુ ભાષામાં ઘણા શબ્દોમાં ٹ અને ڈ આવે છે પરંતુ અંગ્રેજી ભાષામાં એવો કોઈ અક્ષર નથી. અંગ્રજી બોલનાર જયારે આવા શબ્દોનો ઉપયોગ કરે છે ત્યારે تم ને ٹم અને دین ને ڈین બોલે છે. અને તેઓનું આ રીતે બોલવું કોઈ પણ હાલતમાં ઉર્દુ બોલવું કહેવામાં નહીં આવે.

આવીજ પરીસ્થીતી અરબી ભાષામાં છે. અરબીમાં અક્ષરો અને શબ્દો ઉપરાંત ઉચ્ચાર અને બોલવાની ઢબને પણ મહત્વનું સ્થાન આપવામાં આવેલ છે. અને ભાષાની સુંદરતાનો આધાર પણ આજ વસ્તું પર નીર્ભર છે. માટે ભાષા શીખનાર માટે જરૂરી છે કે એ બધા નિયમોને ધ્યાનમાં રાખે જે નિયમો ભાષા માટે બનાવવામાં આવ્યા છે. અને તજવીદના નિયમો વગર બોલચાલ કરી બીજા લોકોની ભાષાનો વિનાશ ન કરવો જોઈએ.

**ઈલ્મે તજવીદનું મહત્વ**

એવા નિયમો અને સિધ્ધાંત તેમજ તેની શર્તોને જોયા પછી પહેલો વિચાર એ જ આવે છે કે આવી ભાષાને જાણવાની શું જરૂર છે ? જેમાં આવા બધા નિયમોનું પાલન જરૂરી બનતું હોય. અને કારણ વગરની મહેનત કરવી પડતી હોય. જયારે કે આ વિચાર એકદમ ખોટો છે. આવા વિચાર ગૈરમુસ્લીમ તો કરી શકે છે પરંતુ મુસલમાન આ વિચાર કરે તે બરાબર નથી. કારણ કે મુસલમાનની કીતાબ અને ઝિદંગીના એહકામ અરબી ભાષામાંજ નાઝિલ થયા છે. દુનિયા અને આખેરતનો પૈગામ (સંદેશ) અરબી ભાષામાં હોવા ઉપરાંત રસુલે અકરમ સ.અ.વ.નો મોઅજીઝો તેમજ ઈસ્લામના સ્વોંચ્ચ ધર્મ હોવાની દલીલ પણ છે. હવે જો આ કિતાબ પર ધ્યાન આપવામાં ન આવે તો ઈસ્લામની કઈ વિશીષ્ઠતા બાકી રહેશે? અને રસુલે ખુદા સ.અ.વ.ની રીસાલતની સાબીતી માટે બીજી કઈ દલીલ આપણી પાસે બાકી રહેશે?

કુર્આન ફકત ઝિદંગીના નિયમનો મજમુઓ હોત તો વાત બરાબર હતી કે ઈન્સાન ગમે તે રીતે પઢી તેનો મતલબ સમજી લ્યે. અને તેના પર અમલ કરવા લાગે.કારણ કે ઝિદંગીના હુકમોને

સમજવા માટે ફકત તેનો અર્થ જાણવો જરૂરી બને છે શબ્દોની સુંદરતાથી કોઈ સંબધ રહેતો નથી. પરંતુ કુર્આને કરીમ મોઅજીઝો પણ છે અને ડગલેને પગલે તિલાવતની દાવત આપે છે અને પોતાની ફસાહતો બલાગતનું એલાન પણ કરે છે. અને તેમનાથી સંબધ ધરાવતા લોકોને કુર્આનની સુંદરતા તરફ ધ્યાન આપવા તેમજ તેની ખુબીઓને દુનિયામાં ઝાહિર કરવાનું પણ કહે છે.

આ અશકય વસ્તું છે કે કોઈ માણસ તેના માનવાવાળાઓમાં પણ કહેવાય અને તેના તરફ ધ્યાન પણ ન આપે. અને હવે જો તેના તરફ ધ્યાન આપવું છે તો તિલાવત કરવી પડશે અને જો તિલવાત કરવી છે તો તે બધા નિયમોનું પાલન કરવું પડશે જેના થકી તેમની ભાષાની સુંદરતા અને વિશીષ્ટતા ઝાહિર થાય છે.

અને કુર્આને મજીદ પોતેજ તરતીલ વિગેરેનો હુકમ આપે છે આથી સ્પષ્ટ જાણવા મળે છે કે કુર્આને મજીદ ખુદ પોતાની સુંદરતાને પામાલ (નષ્ટ) કરવા નથી ચાહતું. અને આ વસ્તુ ત્યારે જ શકય છે જયારે તેની તિલાવત કરવામાં આવે તો એવા નિયમોના અનુસરણ સાથે કરવી જોઈએ. જેનો તિલાવતની અઝમત અને સુંદરતા સાથે સંબંધ છે.

હવે એ વસ્તું પણ શકય છે કે કોઈ ઈન્સાન એ બધી લાયકાત ધરાવતો હોવા છતાં કુર્આને પાકની તિલાવત ન કરે અને વધુમાં વધુ સવાબથી વંચીત રહી જાય તેમ છતાં તેના પર કોઈ એવો દબાવ નથી કે તે તિલાવતની ઝિમ્મેદારી પોતાની માથે લઈ અને તે બધી મહેનત અને મશ્કકતનો સામનો કરે. પરંતુ ઈસ્લામે નમાઝમાં સુરે હમ્દ વિગેરેને વાજીબ કરી આ આઝાદીને પણ ખત્મ કરી નાખી છે. અને સાફ બતાવી દીધું છે કે તિલાવતે કુર્આન દરેક મુસલમાનની ફરજ છે.

અને તિલાવત અરબી ભાષા વગર થઈ નથી શકતી તિલાવતની ભાષા અરબી હોવી તેનો મતલબ એ છે કે તિલાવતમાં અરબી ભાષાના નિયમોનું પાલન કરવામાં આવે. અને તેમાં કોઈ ફેરબદલી કરવામાં ન આવે આથી એમ કહેવું પણ સહીહ છે કે ઈલ્મે તજવીદની પુરે પુરી જાણકારી ન હોય તો અમુક અંશ સુધી તેની જાણકારી મેળવવી જરૂરી અને વાજીબ છે. અને તેના વગર નમાઝ સહીહ થવી મુશ્કીલ છે. અને નમાઝ કબુલ થવા પરજ દરેક અમલનું કબલ થવું નીર્ભર છે. અને અગર કોઈ શખ્સ તજવીદના નિયમોનું ઉલધંન કરી કિરાઅતે કુર્આનની જેમ નમાઝને બરબાદ કરે છે તો તે ફકત પોતાની નમાઝને બરબાદ નથી કરતો બલ્કે પોતાના દરેક અમલને કબુલિયત સુધી પહોંચાડવા મુશ્કીલ બનાવી દયે છે. અને આ વસ્તુ ઈલ્મે તજવીદની જરૂરતની બેહતરીન દલીલ છે.

**તજવીદના વિભાગ**

ઈલ્મે તજવીદમાં અલગ અલગ પ્રકારના મસઅલાઓ પર વાતચીત કરવામાં આવે છે. કોઈ વખત કુર્આનના અલગ અલગ અક્ષરો પર નઝર નાખવામાં આવે છે કે તેને બોલવાની સહીહ રીત શું છે? કોઈ વખત જોડયા શબ્દો બોલવાની રીત પર વાત કરવામાં આવે છે અને કોઈ વખત વાકય બોલવા માટેની રીત વિષે વાતચીત કરવામાં આવે છે કે વકફ અને વસ્લના નિયમો શું છે? અને તેને કેવી રીતે અમલમાં મુકવા જોઈએ?

તજવીદના મસઅલાથી જાણકાર થવા માટે આ બધા વિભાગો પર ધ્યાન આપવું પડશે. અને તેની સંપુર્ણ રીતે તેની જાણકારી મેળવવી પડશે.

**સવાલ**

**(૧)** ઈલ્મે તજવીદની વ્યાખ્યા લખો.

**(૨)** ઈલ્મે તજવીદની જરૂરત અને તેનું મહત્વ બયાન કરો.

**(૩)** ઈલ્મે તજવીદમાં કઈ વસ્તું પર વાતચીત કરવામાં આવે છે ?

# પાઠ બીજો

## હુરૂફ

કારણ કે ઈલ્મે તજવીદમાં કુર્આને મજીદના અક્ષરો વિષે વાત કરવામાં આવે છે માટે તેનું જાણવું બહુજ જરૂરી છે

અરબી ભાષામાં મુળાક્ષરોની સંખ્યા ૨૯ છે. ٹ - ڈ - ڑ ઉર્દુના ખાસ અક્ષરો છે. અને پ چ ژ گ ફારસીના ખાસ અક્ષરો છે. આ ઉપરાંત બીજા અક્ષરો, તનવીન વિગેરે બીજી ભાષામાં પણ સામાન્ય રીતે જોવા મળે છે.


આ અક્ષરો તેના બનાવનારના પ્રમાણે અલગ અલગ છે. આ પ્રકારના વિષય પર વાતચીત કરવા પહેલા તે જગ્યાઓની જાણકારી મેળવવી જરૂરી છે જયાંથી આ અક્ષરો બોલવામાં આવે છે અને આ વસ્તુને ઈલ્મે તજવીદમાં મખરજ કહેવામાં આવે છે.

**"મખારીજે હુરૂફ"**

તજવીદના આલીમોએ ૨૯ મુળાક્ષરો માટે જે મખારીજ બયાન કર્યા છે તેની સંખ્યા ૨૭ છે જેને પાંચ જગ્યાએથી બોલવામાં આવે છે.

**(૧)** જોફે દહન **(૨)** હલક **(૩)** ઝબાન **(૪)** હોઠ **(૫)** નાક

અહીંયા ટુંકમાં અક્ષરોના મખારીજની જગ્યા નક્કી કરવામાં આવે છે પરંતુ ખરા ઉચ્ચાર માટે આ વિષયના જાણકાર માણસનો સહારો લેવો પડશે.




**જોફે દહન (મોઢાની વચ્ચેનો ભાગ)**

જોફે દહનથી ફકત ત્રણ અક્ષરો બોલવામાં આવે છે. واؤ- الف- ى- પરંતુ શર્ત છે કે આ અક્ષરો સાકીન હોય. જેવી રીતે કે جَوَادٌ- غَفُورٌ- كَرِيمٌ-

**હલક (ગળુ)**


હલકના ત્રણ વિભાગ છે.

**૧-** શરૂઆતનો ભાગ જેમાંથી غ خ બોલવામાં આવે છે.

**૨-** વચ્ચેનો ભાગ જેમાંથી ع ح બોલવામાં આવે છે.

**૩-** છેલ્લો ભાગ જેમાંથી ء ه બોલવામાં આવે છે.

જેવી રીતે કે




**સવાલ**

**૧-** અક્ષરો કઈ કઈ જગ્યાએથી બોલવામાં આવે છે ?

**૨-** જવ્ફે દહનથી કયા કયા અક્ષરો બોલવામાં આવે છે ?

**૩-** હલકના કેટલા વિભાગ છે? અને કયા ભાગથી કયા અક્ષરો બોલવામાં આવે છે ?

**૪-** નીચે આપેલ અક્ષરોના મખારીજ બતાવો.

ا - ی - و - ء - ه - ح - خ - ع - غ

# પાઠ ત્રીજો

## ઝબાન - હોઠ - નાક

### ઝબાન

અક્ષરોને બોલવા માટે ઝબાનના દસ વિભાગ છે.

**(૧)** જીભની પાછળનો છેડો અને તેની સામેનું તાળવું જયાંથી قاف ની અવાજ નીકળે છે.

**(૨)** قاف થી જરાક આગળનો ભાગ અને તેની સામેના તાળવાથી کاف ની અવાજ નીકળે છે.

**(૩)** જીભ અને તાળવાની વચ્ચેનો ભાગ જયાંથી جيم - شين અને ى ની અવાજ નીકળે છે.

**(૪)** જીભની કીનારીને તેની સામેની જમણી અથવા ડાબી ડાઢ સાથે મેળવવાથી ضاد ની અવાજ નીકળે છે.





**(૫)** જીભની આગળના છેડાને તાળવાની શરૂઆતના ભાગને મેળવવાથી لام ની અવાજ નીકળે છે.


**(૬)** જીભની આગળના છેડાને لام ના મખરજથી જરાક નીચેના ભાગથી ن ની અવાજ નીકળે છે.


**(૭)** જીભની આગળના છેડાના નીચેના ભાગને તાળવાની શરૂઆતના

ભાગ સાથે મેળવવાથી ر ની અવાજ નીકળે છે.


(૮) જીભની આગળના છેડા અને ઉપરના બન્ને દાંતના મુળ વડે જીભને ઉપર ઉઠાવતા થોડા-થોડા ફર્ક સાથે - د - ت - ط બોલવામાં આવે છે.












(૯) જીભના આગળના છેડા અને ઉપરના તેમજ નીચેના દાંતોના કીનારાથી ص - س - ز ની અવાજ નીકળે છે.











**(૧૦) જીભના આગળના છેડાને ઉપરના બન્ને દાંતોના કીનારા સાથે મેળવવાથી ظ - ذ - ثની અવાઝ નીકળે છે.**



**હોઠ**

અક્ષરને હોઠથી બોલવાના બે પ્રકાર છે.

**(૧)** નીચેના હોઠનો અંદરનો ભાગ ઉપરના બન્ને દાંતોની કીનારી સાથે મેળવવાથી ف ની અવાજ નીકળે છે.

**(૨)** બન્ને હોઠના વચ્ચેના ભાગ م - ب અને و ની અવાજ નીકળે ~~છે~~. પરંતુ એટલો જ ફર્ક છે કે و માટે હોઠને સંકોચવા પડે છે અને ب તથા م માટે હોઠને મેળવવા પડે છે.

**નાક**

ગુન્ના વાળા અક્ષરો નાકથી બોલવામાં આવે છે. આ અક્ષરોમાં ફકત નુને સાકીન અને તનવીન છે. પરંતુ શર્ત છે કે ગુન્ના સાથે તેને ઈદગામ કરવામાં આવે અને ઈખફાનો હેતુ હોય. નુન અને તશદીદવાળી મીમનો પણ આ અક્ષરોમાં સમાવેશ થાય છે. - ً - نْ
مّ - نّ

**સવાલ**

**(૧)** જીભના કેટલા ભાગ છે ? અને કયા ભાગથી કયો અક્ષર બોલવામાં આવે છે ?

**(૨)** હોઠથી કયા કયા અક્ષરો બોલવામાં આવે છે ?

**(૩)** નાકથી કયા અક્ષરો બોલવામાં આવે છે ?

**(૪)** નીચેના અક્ષરોનો મખરજ બતાવો.

ق - ك - ج - ض - ل - ن - ر - ظ - ز - ث -
ف - و - ذ - د - ت - س - ص

## પાઠ ચોથો

## અક્ષરોના પ્રકાર

અરબી મુળાક્ષરોને અદા કરવા માટે તેના હુકમો અને રીત પ્રમાણે અલગ અલગ પ્રકાર છે.

**હુરૂફે મદ**

واؤ - الف - ى

આ અક્ષરોને ત્યારે હુરૂફે મદ કહેવામાં આવે છે જયારે واؤપહેલા પેશ,الف પહેલા ઝબર અને ى પહેલા ઝેર આવે અને તેના પછી હમઝા અથવા કોઈ સાકીન અક્ષર આવતો હોય જેવી રીતે કે

سُوْٓءٌ - غَفُوْرُ - جَاءَ - صَادُ - جِىْءَ - جِيْمُ ------

પછી આવનાર હમઝા અથવા સાકીન અક્ષરને "સબબ" કહેવામાં આવે છે અને મદનો અર્થ ખેંચવાનો થાય છે.

**હુરૂફે લીન**

واؤ - અથવા ى પહેલા ઝબર હોય ત્યારે આ બન્ને અક્ષરને લીન કહેવામાં આવે છે."લીન" નો અર્થ નરમી થાય છે અને આ હાલતમાં આ બન્ને અક્ષરો મદને સહેલાઈથી કબુલ કરી લ્યે છે. જેવી રીતે કે خَوْفُ - طَيْرُ

હવે અગર હરૂફે લીન પછી કોઈ અક્ષર સાકીન હોય તો મદ લગાવવી જરૂરી છે જેવી રીતે( كَافْ هَا يَا عَيْنْ صَادْ) كهيعص આ શબ્દમાં "અય્ન"માં "યે"હરૂફે લીન છે અને તેના પછી નુને સાકીન છે. જેના કારણે "અય્ન" ની "યે" ને મદ સાથે પઢવું પડશે.

**હુરૂફે શમ્સી**

એવા અક્ષરો જેના પહેલા "અલીફ લામ" આવે તો તે અક્ષરો મેળવીને પઢતી વખતે "અલીફ લામ" સાકીત થઈ જાય છે. જેમકે -ت

ث۔ د۔ ذ۔ ر۔ ز۔ س۔ ش۔ ص۔ ض۔ ط۔ ظ۔ ل۔ ن۔ આ અક્ષરોને મેળવીને પઢતી વખતે અલીફ લામ પઢવામાં નથી આવતો.

જેવી રીતે કે وَالطُّوْرِ۔ وَالشَّمْسِ۔ وَالتِّيْنِ

**હુરૂફે કમરી**

એવા અક્ષરો જેના પહેલા "અલીફ લામ" આવે તો તે અક્ષરો મેળવીને પઢતી વખત "લામ" પઢવામાં આવે છે પરંતુ "અલીફ" પઢવામાં નથી આવતો. જેમકે أ۔ ب۔ ج۔ ح۔ خ۔ ع۔ غ۔ ف۔ ق۔ ك۔ م

۔ و۔ ہ۔ ی۔

આ અક્ષરોને મેળવીને પઢતી વખતે અલીફ પઢવામાં નહીં આવે પરંતુ લામ પઢવામાં આવેશે.જેવી રીતે કે

وَالْقَمَرِ۔ وَالْكَاظِمِيْنَ۔ وَالْمُجَاهِدِيْنَ۔ وَالْخَيْلِ۔ وَاللَّيْلُ

**સવાલ**

**(૧)** હુરૂફે મદ કયા અક્ષરોને કહેવામાં આવે છે ? અને કયારે કહેવામાં આવે છે ?

**(૨)** હુરૂફે લીન કોને કહેવામાં આવે છે ? મીસાલ આપી સમજાવો.

**(૩)** હુરૂફે શમ્સી અને હુરૂફે કમરી કોને કહેવામાં આવે છે ?

**(૪)** નીચે આપેલ અક્ષરોમાં કયો અક્ષર શમ્સી છે અને કયો અક્ષર કમરી છે તે બતાવો. ت ث ب د ج خ ذ ع

## પાઠ પાંચમો

## અક્ષરોની સીફતો

જેવી રીતે અક્ષરોના મખારીજ અલગ અલગ હોય છે તેવીજ રીતે અક્ષરોની સીફતો પણ અલગ અલગ હોય છે. જેવી રીતે કે ઈસ્તીલા, જહ્ર, કલકલા વિગેરે. કયારેક મખરજ અને સીફતમાં એકતા હોય છે જેવી રીતે કે ح અને عیــــن અને કયારેક મખરજ અને સીફત અલગ અલગ હોય છે જેવી રીતે કે ه અને همزہ

**(૧) હુરૂફે કલકલા**

ج - د આ અક્ષરોની ખાસિયત એ છે કે જયારે આ અક્ષરો શબ્દની વચ્ચે અથવા છેલ્લે હોય અને સાકીન પણ હોય ત્યારે તેને જોરથી એવી રીતે બોલવામાં આવે છે કે જાણે તે હરકતવાળો દેખાવા લાગે. જેવી રીતે કે لَمْ يَلِدْ - يَدْخُلُوْنَ

**(૨) હુરૂફે ઈસ્તીલા**

આ સાત અક્ષરો છે ص ض ط ظ غ ق خ આ અક્ષરોને હુરૂફે ઈસ્તીલા એટલા માટે કહેવામાં આવે છે કે આ અક્ષરોને બોલવા માટે જીભને ઉઠાવવી પડે છે. જેવી રીતે કે خَطْ - يَخِصِّمُوْنَ

**(૩) હુરૂફે યરમલુન**

આ છ અક્ષરો છે. ی ر م ل و ن આ અક્ષરોની ખાસિયત એ છે કે આ અક્ષરો પહેલા નુને સાકીન અથવા તનવીન આવતી હોય તો તેને તકરીબન સાકીત કરી દેવામાં આવે છે અને પછીના અક્ષરને તશદીદ સાથે પઢવામાં આવે છે. જેવી રીતે કે- مُـحَـمَّـدٌ رَّسُوْلُ اللّٰـه

مُحَمَّدٍ وَّ آلِ مُحَمَّدْ

**(૪) હુરૂફે હલક**

આ છ અક્ષરો છે. ح خ ع غ ه ء આ અક્ષરોને હલકથી બોલવામાં આવે છે અને તેના પહેલા આવનાર નુને સાકીનને સ્પષ્ટ રીતે પઢવામાં આવે છે. જેવી રીતે કે اَنْعَمْتَ

**સવાલ**

**(૧)** હુરૂફે કલકલા કયા અક્ષરો છે અને તેની ખાસિયત શું છે ?

**(૨)** હુરૂફે ઈસ્તીલા કોને કહેવામાં આવે છે ? શા માટે

**(૩)** હુરૂફે યરમલુનની ખાસિયત મીસાલ સાથે બયાન કરો.

**(૪)** હુરૂફે હલક પહેલા આવનાર નુનેસાકીન શા માટે પઢવામાં આવે છે?

## પાઠ છઠ્ઠો

## અક્ષરોને અદા કરવાની રીત

મુળાક્ષરોને અદા કરવાની ચાર રીત છે.

**ઈદગામ - ઈઝહાર - કલ્બ - ઈખફા**

**ઈદગામ**

ઈદગામનો અર્થ સાકીન અક્ષરને પછીના હરકતવાળા અક્ષર સાથે મેળવીને એક કરી પછીના હરકતવાળા અક્ષરની અવાજમાં ઉચ્ચાર કરવો.

**ઈદગામના ચાર પ્રકાર છે.**

(ઈદગામે યરમલુન - ઈદગામે મીસ્લૈન - ઈદગામે મુતકારેબૈન - ઈદગામે મુતજાનેસૈન)

**(અ) ઈદગામે યરમલુન**

અગર કોઈ જગ્યાએ હુરૂફે યરમલુનમાંથી કોઈ હરફ અને તેની પહેલા નુને સાકીન અથવા તનવીન હોય તો તે નુનને સાકીત કરી હરફે યરમલુનને તશદીદ કરી દેવામાં આવે છે આ રીતે હરફે યરમલુનમાં "નુન" નો ઈદગામ થઈ જાય છે. જેવી રીતે કે اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ
આ ઈદગામમાં પણ બે પ્રકાર છે. ઈદગામે ગુન્ના અને ઈદગામે બેલાગુન્ના (ગુન્ના વગરનો ઈદગામ)

**૧.** ઈદગામે ગુન્નાની રીત એ છે કે હરફને જોડતી વખતે જરાક નુનની અવાજ બાકી રહી જાય જેવી રીતે કે યરમલુનમાં ن و م ى માં થાય છે. દા.ત. عَلِیٌّ وَّلِیُّ اللّٰهُ

**૨.** ઈદગામે બેલાગુન્નામાં નુનની અવાજ જરા પણ બાકી રહેતી નથી. જેવી રીતે કે ر અને ل માં થાય છે. દા.ત. لَمْ يكُنْ لَّهٗ

યરમલુનના ઈદગામની શર્ત એ છે કે નુને સાકીન અને હરફે યરમલુન બન્ને અલગ અલગ શબ્દમાં આવતા હોય નહીંતર એક શબ્દમાં ઈદગામ કરવું બરાબર નહીં કહેવાય જેવી રીતે કે دُنْيَا કે જેમાં "યે" પહેલા નુને સાકીન છે. પરંતુ ઈદગામ થતો નથી કારણ કે એકજ શબ્દ છે.

**(બ) ઈદગામે મીસ્લૈન**

અગર બે અક્ષર એક જેવા ભેગા થઈ જાય જેમાં પહેલો અક્ષર સાકીન હોય અને બીજો અક્ષર હરકતવાળો હોય ત્યારે પહેલા અક્ષરને બીજા અક્ષરમાં ઈદગામ કરવામાં આવે છે.

જેવી રીતે કે مِنْ نَّاصِرِيْنَ પરંતુ આ ઈદગામની શર્ત છે કે પહેલો અક્ષર હરફે મદ ન હોય નહીંતર ઈદગામ કરવું બરાબર નહીં કહેવાય જેવી રીતે કે فِىْ يُوْسُفَ જો કે فى ની ى સાકીન છે અને يُوْسُفની ى હરકત વાળી છે તેમ છતાં ઈદગામ નહીં થાય કારણ કે فى ની ى હરફે મદ છે.

**(ક) ઈદગામે મુતકારેબૈન**

મુતકારેબૈન એવા બે અક્ષરોનું નામ છે જે મખરજ અને સીફત પ્રમાણે એક બીજાથી નઝદીક છે. જેવી રીતે કે પહેલા બયાન થઈ ચુકયું છે કે ઘણા અક્ષરો એક જેવાજ મખરજથી અદા કરવામાં આવે છે તેને કરીબુલ મખરજ (નજીકનો ઉચ્ચાર) પણ કહેવામાં આવે છે.

જેવી રીતે કે قُلْ رَّبِّ۔ اَلَمْ نَخْلُقْكُّمْ

**(ડ) ઈદગામે મુતજાનેસૈન**

એક જાતીના બે અક્ષરો ભેગા થઈ જાય અને તેનો મખરજ એક હોય પરંતુ સીફત અલગ અલગ હોય અને તેમાં પહેલો સાકીન અને

બીજો હરકતવાળો  હોય તો પહેલા અક્ષરને બીજા અક્ષરમાં ઈદગામ કરવામાં આવે છે. જેવી રીતે કે

☆ د ـ ط ـ ت ـ — قَدْ تَّبَيَّنَ ـ قَالَتْ طَّائِفَةٌ بَسَطْتَّ

☆ ظ ـ ذ ـ ث ـ — اِذْظَّلَمُوْا ـ يَلْهَثْ ذَّالِكَ

☆ ب ـ م ـ — اِرْكَبْ مَعَنَا

☆ د ـ ج ـ — قَدْ جَّاءَكُمْ

ઈઝહાર

અગર નુને સાકીન અથવા તનવીન પછી હરફે હલક અથવા હરફે યરમલુન હોય તો નુનને સ્પષ્ટ રીતે પઢવો જોઈએ.
જેવી રીતે કે اَنْهَار ـ دُنْيَا ـ قِنْوَانٌ

**કલ્બ**

અગર નુને સાકીન અથવા તનવીન પછી ب આવે તો ن ને م થી બદલી નાખવામાં આવે છે. અને ગુન્ના સાથે પઢવામાં આવે છે.
જેવી રીતે કે اَنْبِيَآءَ ـ يَنْبُوْعًا
અહીયા "નુન" નો ઉચ્ચાર "મીમ" થી કરવામાં આવે છે. અને જેવી રીતે કે رَحِيمٌ بِكُمْ અહીંયા પણ તનવીનના નુનને મીમના ઉચ્ચાર સાથે પઢવામાં આવશે.

**ઈખફા**

હુરૂફે યરમલુન, હુરૂફે હલક અને "બે" સિવાય બીજા ૧૫ અક્ષરો પહેલા નુને સાકીન અથવા તનવીન આવે તો તે નુનને ધીમે પઢવામાં આવશે. જેવી રીતે કે اِنْ كَانَ ـ اِنْ شَاءَ ـ صَفًّا صَفًّا ـ اَنْدَادًا ـ

**સવાલ**

**(૧)** ઈદગામની વ્યાખ્યા અને તેના પ્રકાર તેમજ મીસાલ બયાન કરો.

**(૨)** ઈદગામે ચરમલુનથી તમે શું સમજયા છો? તેની શર્તો અને મીસાલ બ્યાન કરો.

**(૩)** ઈઝહાર, કલ્બ, અને ઈખફાની મીસાલ આપીને સમજાવો.

**(૪)** قل رب ۔ قدتبین ۔ ارکب معنا માં કયા પ્રકારના ઈદગામ છે ?

## પાઠ સાતમો

## હરકતો

હરૂફ પર આવનાર અલામતોના પાંચ પ્રકાર હોય છે. તેમાં ત્રણને હરકત કહેવામાં આવે છે َ ઝબર ِ ઝેર ُ પેશ બાકી બે માં એકને ~ મદ અને બીજાને ْ સુકુન કહેવામાં આવે છે.

મદના બે પ્રકાર છે. મદે અસ્લી અને મદે ગયરે અસ્લી

**મદે અસ્લી**

એ મદ છે જેમાં "અલીફ" "વાવ" અથવા "યે" વગર અવાજ અદા થઈ શકતી નથી અને આ મદ માટે કોઈ બીજા કારણની જરૂર રહેતી નથી. જેવી રીતે કે - يَقُوْلُ - قِيْلَ - قَالَ આ મીસાલમાં "અલીફ" "વાવ" અને "યે"ની અવાજ અદા કરવા માટે અક્ષરને બે હરકત જેટલો ખેચવો જરૂરી છે. યાદ રહે કે હરકત જેટલુ ખેંચવાનો અર્થ મુઠી બંધ કરી ને સામાન્ય રીતે એક આંગળી ખોલવામાં જેટલો સમય લાગે છે તેને એક હરકત કહેવામાં આવે છે.

**મદે ગૈરેઅસ્લી**

આ એ મદ છે જેમાં "વાવ" "અલીફ" અને "યે" ની અવાજને કોઈ (હમઝા અથવા સુકુનના)કારણે મદેઅસ્લીથી વધારે ખેંચવી પડે છે.

મદે ગૈરેઅસલી હમઝાના પ્રમાણે બે પ્રકાર છે.

વાજીબે મુત્તસીલ અને જાએઝ મુન્ફસીલ

**વાજીબે મુત્તસીલ**

એ મદને કહેવામાં આવે છે જેમાં મદ અને હમઝા બન્ને એકજ શબ્દમાં આવેલ હોય જેવી રીતે કે سُوْٓءٌ - سِيْٓـئَتْ - جَآءَ આ ત્રણેય મીસાલમાં "અલીફ" "વાવ" "યે" અને હમઝા એકજ શબ્દમાં આવેલ છે. આ મદને ચારથી પાંચ હરકતો જેટલી ખેંચવાની રહેશે.

**જાએઝ મુન્ફસીલ**

એ મદને કહેવામાં આવે છે જેમાં મદ પહેલા શબ્દના છેડે અને હમઝા બીજા શબ્દની શરૂઆતમાં આવે છે.

જેવી રીતે કે اِنَّآ اَعۡطَيۡنَاكَ ۔ تُوۡبُوۡٓا اِلَى اللّٰهِ ۔ بَنِيۡٓ اِسۡرَآئِيۡلَ

આ પ્રકારની મદમાં પણ ચાર થી પાંચ હરકતો જેટલું ખેચવું પડશે.

મદે ગૈરે અસ્લીમાં સુકુનના પ્રમાણે ચાર પ્રકાર હોય છે ?

(મદેલાઝીમ મદેઆરીઝ મદેલીન મદેએવઝ)

**મદેલાઝીમ**

એ મદને કહેવામાં આવે છે જેમાં "વાવ" "અલીફ" અથવા "યે" પછી સાકીન અક્ષરનો સુકુન લાઝમી (જરૂરી) હોય એટલે કે કોઈ પણ હાલતમાં બદલાતો ન હોય. જેવી રીતે કે (يٰـــاسِيّـٓـنْ) يٰٓـــسٓ اَلۡحَآقَّة ( قٓاف ۔ سِيٓن ۔ عٓين ۔ مِيمٓ ۔ حـا ) حٰمٓعٓسٓقٓ આ મદને ચાર હરકતો જેટલું ખેચવું જોઈએ.

**મદેઆરીઝ**

એ મદનું નામ છે જેમાં "વાવ" "અલીફ" અથવા "યે" પછીના અક્ષરને વકફના કારણે સાકીન કરી દેવામાં આવ્યો હોય. જેવી રીતે કે غَـفُـوۡرۡ ۔ خَبِيۡـرۡ ۔ عِقَابۡ ۔ خَوۡفۡ મદેઆરીઝને બે, ચાર, છ હરકતો જેટલું ખેચવું જાએઝ છે પરંતુ બેહતર છે કે છ હરકતો જેટલું ખેચવામાં આવે.

**મદેલીન**

હુરૂફે લીન પછીનો અક્ષર સાકીન હોય તો તેના પર પણ મદ આવી જશે. અગર તે અક્ષરનો સુકુન લાઝીમ હોય તો તેને મદેલીન લાઝમી કહેવામાં આવે છે. જેવી રીતે કે حٰمٓعٓسٓقٓ અને આ મદને ચાર હરકતો જેટલું ખેચવું જોઈએ. અને અગર જો સુકુન લાઝીમ ન હોય તો

તે મદને મદેલીન આરઝી કહેવામાં આવે છે. આ મદને બે હરકતો જેટલું ખેચવું જોઈએ.

**મદેએવઝ**

આ મદ હરફ પર વકફ કરવા સમયે આવે છે. પરંતુ શર્ત છે કે તેમાં દોઝબર (તનવીન) હોય જેવી રીતે કે عَلِيُماً - حَكِيُماً - આ મદમાં બે હરકત જેટલું ખેચવું જોઈએ.

**સવાલ**

**(૧)** હુરૂફ પર આવનાર અલામતોના કેટલા પ્રકાર છે? મીસાલ આપી સમજાવો.

**(૨)** મદની વ્યાખ્યા બતાવો અને મદે અસ્લીને કેટલું ખેચવું જોઈએ. મીસાલથી આપી સમજાવો.

**(૩)** મદે ગૈરે અસ્લીની વ્યાખ્યા બતાવો અને તેના પ્રકાર જણાવો.

**(૪)** મદે વાજીબે મુત્તસીલ અને મદે જાએઝે મુન્ફસીલની વ્યાખ્યા અને મીસાલ બયાન કરો.

**(૫)** મદે લાઝીમ અને મદે આરીઝની વ્યાખ્યા બતાવો અને તેને કેટલું ખેચવું જોઈએ?

**(૬)** નીચે આપેલ મીસાલમાં મદના પ્રકાર નક્કી કરો અને બતાવો કે તેને કેટલું ખેચવું જોઈએ?

انزلناه - قواانفسكم - الحاقه - يٰس

**(૭)** મદેલીનની વ્યાખ્યા મીસાલ સાથે સમજાવો.

## પાઠ આઠમો
## તફખીમ અને તરકીક

☆ તફખીમનો અર્થ છે કે અક્ષરને ઘાટો બનાવીને અદા કરવો.

☆ તરકીકનો અર્થ છે કે અક્ષરને પાતળો બનાવીને અદા કરવો.

તફખીમ અને તરકીક ફકત બે અક્ષરમાંજ થાય છે - ل - ر

★ નીચે બતાવેલ સંજોગોમાં ر માં તફખીમ થાય છે.

ر પર ઝબર હોય જેવી રીત કે رَحۡمٰن

ر પર પેશ હોય જેવી રીતે કે نَصۡرُ اللّٰه

ر સાકીન હોય અને તેના પહેલાના અક્ષરમાં ઝબર હોય.

જેવી રીતે કે وَانۡحَرۡ

ر સાકીન હોય અને તેના પહેલાના અક્ષરમાં પેશ હોય.

જેવી રીતે કે كُرۡهًا

ر સાકીન અને તેના પહેલાના અક્ષરમાં ઝેર હોય અને પછીનો અક્ષર હુરૂફે ઈસ્તીલા خ ق غ ظ ط ض ص હોય.

જેવી રીતે કે مِرۡصَادًا

ر સાકીન અને તેના પહેલા કસ્રએ આરીઝ (ઝેર હોય પરંતુ કોય કારણ સર ત્યાં ઝેર આપવામાં આવેલ હોય) જેવી રીતે કે اِرۡجِعِیۡ

★ નીચે બતાવેલ સંજોગોમાં ر તરકીક થાય છે.

ر સાકીન અને તેના પહેલાના અક્ષરમાં ઝેર હોય જેવી રીતે કે اِصۡبِرۡ-

ر સાકીન અને તેના પહેલાનો અક્ષર હુરૂફે લીન હોય.

જેવી રીતે કે - طَوۡرۡ - خَیۡرۡ

★ નીચે બતાવેલ સંજોગોમાં ل તફખીમ થાય છે.

ل પહેલા હુરૂફે ઈસ્તીલા આવેલ હોય. જેવી રીતે કે مَطۡلَعِ الۡفَجۡرِ

ل અક્ષર اللّٰه શબ્દનો હોય. જેવી રીતે કે قَالَ اللّٰهُ

ل અક્ષર اللّٰه શબ્દનો હોય અને તેના પહેલા પેશ હોય.
જેવી રીતે કે عَبْدُ اللّٰهِ

☆ નીચે બતાવેલ સંજોગોમાં ل તરકીક થાય છે.

ل પહેલા હુરૂફે ઈસ્તીલાનો કોઈ અક્ષર આવેલ ન હોય.
જેવી રીતે કે كَلِمْ

ل પહેલા ઝેર આવેલ હોય. જેવી રીતે કે بِسْمِ اللّٰه

**સવાલ**

**(૧)** તફખીમ અને તરકીકનો અર્થ જણાવો અને કયા અક્ષરોમાં તફખીમ અને તરકીક થાય છે.

**(૨)** ر માં તફખીમ કયારે થાય છે.

**(૩)** ل માં તફખીમ અને તરકીક કયારે થાય છે? મીસાલ આપી સમજાવો.

# પાઠ નવમો

## વકફ અને વસ્લ

કોઈ પણ વાકયના વાંચન વખતે ઈન્સાનને કોઈક જગ્યાએ રોકાવું પડે છે. અને કોઈક જગ્યાએ મેળવીને પઢુંવપડે છે. અરબીમાં રોકાવાનું નામ વકફ છે અને મેળવીને પઢવાનું નામ વસ્લ છે.

☆ વકફ:- વકફના અલગ અલગ કારણો હોય છે કોઈ વખત વકફ અર્થ પુર્ણ થવા પર હોય છે અને કોઈ વખત શ્વાસ તુટી જવા પર હોય છે. આ બન્ને સંજોગમાં જે અક્ષર પર વકફ કરવામાં આવે તેનું સાકીન કરવું જરૂરી છે.

☆ વસ્લ:- વસ્લ માટે છેલ્લા અક્ષરને હરકત આપવી જરૂરી છે. જેથી આગળના અક્ષરથી મેળવીને પઢતી વખતે સહેલાઈ રહે. નહીંતર એવી સ્થીતી સામે આવશે કે ન તો વકફ કહેવાશે અને ન તો વસ્લ.

☆ વકફના પ્રકારો

હર્ફે ت પર વકફ :- આ પ્રકારની ت જે ખેંચીને લખવામાં આવે છે તેના પર અગર વકફ કરુંવહોય તો તે પોતાની અસ્લ હાલત પર બાકી રહેશે જેવી રીતે કે صلات પરંતુ અગર ةـ આ રીતે લખવામાં આવેલ હોય અને વકફ કરવું હોય તો તે ه માં બદલાઈ જશે. જેવી રીતે કે صلوٰةٌ વકફ વખતે صلوٰه પઢવામાં આવશે.

**તનવીન પર વકફ :-** અગર વકફ વખતે તે અક્ષર પર તનવીન દોઝેર અથવા દોપેશ હોય તો સાકીન થઈ જશે. અને દોઝબર હોય તો તેના બદલે અલીફ સાથે પઢવામાં આવશે. જેવી રીતે نُوْرٌ અને نُوْرٍ ને نُوْرْ પઢવામાં આવશે અને نُوْرًا ને نُوْرَا પઢવામાં આવશે.

**નોંધ :-** સ્પષ્ટ છે કે વકફ અને વસ્લના નિયમ વિરૂધ્ધ હરકતને બાકી રાખી વકફ કરવું અને સુકુનને બાકી રાખીવસ્લ કરવું સહીહ નથી.

**વકફ બે હ્રરકતઃ-** એટલે કે વકફ કરવામાં આવે અને છેલ્લા અક્ષરને હ્રરકત સાથે પઢવામાં આવે. જેવીરીતે કે

مَالِكِ يَوْمِ الدِّيْنِ- اِيَّاكَ نَعْبُدُ

**વસ્લ બે સુકુન :-** એટલે કે શબ્દને બીજા શબ્દ સાથે મેળવીને પઢવામાં આવે પરંતુ પહેલા શબ્દના છેલ્લા અક્ષરને સાકીન રાખવામાં આવે જેવી રીતે કે اَلرَّحْمٰنِ الرَّحِيْمُ ۔ مَالِكِ يَوْمِ الدِّيْنِ ને એકી સાથે પઢવામાં આવે અને રહીમની મીમને સાકીન પઢવામાં આવે.

**વકફ પછી :-** કોઈ અક્ષર પર રોકાવા માટે જરૂરી છે કે તેને સાકીન કરી દેવામાં આવે પરંતુ તેના અમુક પ્રકારો સામે આવે છે.

**૧-** અક્ષરને સાકીન કરી દેવામાં આવે છે. જેવી રીતે કે اَحَدْ

**૨-** અક્ષરને સાકીન પછી પેશની જેમ તે અક્ષરને અદા કરવામાં આવે છે. તેને 'ઈશમામ' કેહ્વામાં આવે છે.જેવી રીતે કે نَسْتَعِيْنُ

**૩-** સાકીન કર્યા પછી તે અક્ષરને ઝેરના અવાઝથી અદા કરવામાં આવે છે. તેને 'રવમ' કહે્વામાં આવે છે.જેવી રીતે કે عَلَيْهِ

**૪-** સાકીન કર્યા પછી ઝેરને વધારે ઝાહિર કરવામાં આવે છે. તેને 'ઈખ્તેલાસ' કહે્વામાં આવે છે. જેવી રીતે કે صَالِحْ

**સવાલ**

**(૧)** વકફ અને વસ્લની વ્યાખ્યા મીસાલ સાથે સમજાવો.

**(૨)** વકફના કેટલા પ્રકાર છે ?

**(૩)** વકફ બે હ્રરકત અને વસ્લ બે સુકુનની વ્યાખ્યા મીસાલ સાથે બયાન કરો અને બતાવો કે આ કાર્ય સહીહ છે કે ગલત.

**(૪)** વકફ પછી કેટલા પ્રકારો છે વિસ્તૃતબયાન કરો.

## પાઠ દસમો

## વકફના પ્રકાર

કોઈ જગ્યાએ રોકાવાની ચાર પીરસ્થીતી હોય શકે છે.

**(૧)** એ જગ્યાએ વકફ કરવામાં આવે જયાં વાકય અને અર્થ બન્ને પુરા થતા હોય. જેવી રીતે કે مَالِكِ يَوْمِ الدِّيْنِ આ વાક્યનો પછીના વાકય اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ થી કોઈ સંબંધ નથી.

**(૨)** એ જગ્યાએ વકફ કરવામાં આવે જયાં વાત પુરી થતી હોય પરંતુ પછીના વાક્ય સાથે પણ તેનો સંબંધ બાકી હોય

જેવી રીતે કે مِمَّا رَزَقْنَاهُمْ يُنْفِقُوْنَ આ જગ્યાએ વાકય પુરૂ થઈ ચુક્યું છે પરંતુ પછીનું વાકય وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ પણ તેજ લોકોથી સંબધીત છે જેનો ઝીક્ર પહેલાના વાક્યમાં થઈ ચુકયો હોય.

**(૩)** એ જગ્યાએ વકફ કરવામાં આવે જયાં અર્થ પુરો થઈ જાય પરંતુ પછીનો શબ્દ પહેલા વાક્યથી સંબંધીત હોય. જેવી રીતે કે اَلْحَمْدُ لِلّٰهِ પર વકફ કરી શકાય છે. પરંતુ رَبِّ الْعَالَمِيْنَ શાબ્દીક રીતે પહેલા વાકયની સીફત છે. અલગથી કોઈ વાકય નથી.

**(૪)** એવી જગ્યાએ વકફ કરવામાં આવે જયાં ન તો વાક્ય પુંરૂ થતું હોય અને ન તો અર્થ પુરો થતો હોય જેવી રીતે કે مَالِكِ يَوْمِ الدِّيْنِ માં مَالِكِ પર વકફ કરવામાં આવેતો "માલીક" પર ન તો વાક્ય પુંરૂ થાય છે અને નતો અર્થ પુરો થાય છે. અહીંયા રોકાંવુ ન જોઈએ.

## વકફે જાએઝ અને લાઝીમ

વકફમાં કયારેક પછીના શબ્દ સાથે મેળવીને પઢવાથી અર્થ બીલકુલ બદલાઈ જાય છે. જેવી રીતે કે لَمْ يَجْعَلْ لَهٗ عِوَجًا ؕ قَيِّمًا અહીં عِوَجًا અને قَيِّمًا વચ્ચે વકફ કરવું જરૂરી છે. નહીંતર અર્થ બદલાઈ જશે. પરવરદીગારે આલમ બયાન કરવા ચાહે છે કે "અમારા

કાનુનમાં કોઈ ખામી નથી અને તે સીધો છે." હવે અગર બન્ને શબ્દોને મેળવીને પઢવામાં આવશે તો તેનો અર્થ એ થશે કે અમારો કાનુનમાં ન તો ખામી છે અને ન તો સીધો છે." આ અર્થ બીલકુલ ગલત છે. માટે તે બન્ને શબ્દો વચ્ચે વકફ કરુંવજરૂરી છે અને આવા વકફને વકફે લાઝીમ કહેવામાં આવે છે. આવા વાકયો ઉપરાંત બીજા વાકયોમાં રોકાવું જાએઝ છે.

**સવાલ**

**(૧)** કોઈ જગ્યાએ રોકાવાની કેટલી પરીસ્થીતી હોય શકે છે ?

**(૨)** વકફે જાએઝ અને વકફે લાઝીમનો શું અર્થ થાય છે? મીસાલ આપીને સમજાવો.

## પાઠ અગિયારમો

## કુર્આનમાં વકફની અલામતો

દુનિયાની બીજી કીતાબોની વાક્ય રચનાની જેમ કુર્આનમાં પણ વકફ અને વસ્લ છે. જેમાં અમુક જગ્યાએ વાકય પુરૂં થઈ જતું હોય છે તો અમુક જગ્યાએ વાક્ય અધુરૂ રહેુંતહોય છે. અને આ જાણકારી રાખવી દરેક શખ્સની તાકત બહારની વાત છે. એટલા માટે કુર્આનના કારીઓએ તે જગ્યા નકકી કરી રાખી છે અને તેના નિયમો અને અલામતો બતાવી દીધી છે. જેના થકી કુર્આન પઢનારને આસાની રહે અને વકફની જગ્યાએ વસ્લ અને વસ્લની જગ્યાએ વકફ ન કરી નાખે. આ જગ્યાઓ ઉપરાંત કોઈ જગ્યાએ શ્વાસ તુટી જાય તો છેલ્લા અક્ષરને સાકીન કરી નાખે અને ફરીથી આગળના એક શબ્દથી ફરી વખત પઢે જેથી વાક્યના સીલસીલા પર કોઈ અસર ન થાય.

સામાન્ય રીતે કુર્આને કરીમમાં નીચે પ્રમાણે અલામતો જોવા મળે છે.

**જયાં વાત પુરી થાય છે ત્યાં આ પ્રકારની અલામત હોય છે.**

م આ વકફ લાઝીમ છે મેળવીને પઢવાથી અર્થ બદલાઈ જાય છે.

ط આ વકફે મુત્લકની અલામત છે અહીં વકફ કરવું બેહતર છે.

ج આ વકફે જાએઝની અલામત છે. મેળવીને પણ પઢી શકાય છે. પરંતુ વકફ કરવું બેહતર છે.

ز રોકાવું જાએઝ છે પરંતુ મેળવીને પઢવું બેહતર છે.

ص વકફ કરવાની રજા આપવામાં આવેલ છે. પરંતુ શર્ત છે કે રોકાયા પછી એક શબ્દ આગળથી ફરી વખત પઢવો જોઈએ.

صل "કદ યુસલ"નું ટુંકુ રૂપ છે એટલે કે અહીંયા કોઈ વખત રોકાવામાં

પણ આવે છે અને કોઈ વખત તેમ નથી.પરંતુ રોકાવું બેહતર છે.

صلى "અલવસ્લો ઔલા"નું ટુંકુ રૂપ છે એટલે કે મેળવીને પઢવું બેહતર છે. તેમ છતં મેળવીને પઢવામાં પણ કોઈ વાંધો નથી.

ق "કીયલ અલૈહીલ વકફ"નું ટુંકુ રૂપ છે. અહીંયા રોકાવું ન જોઈએ.

قف અહીંયા રોકાવું જોઈએ.

س- سكتة સકતાની અલામત છે. અહીંયા થોડુક રોકાવું જોઈએ પરંતુ શ્વાસ તુટવો ન જોઈએ.

وقفة લાંબી સકતાની નીશાની છે અહીંયા સકતાની નીશાની કરતા વધારે રોકાવું જોઈએ પરંતુ શ્વાસ તુટવો ન જોઈએ.

لا અગર આયતની વચ્ચે હોય તો રોકાવું ન જોઈએ. અને આયતના છેડે હોય તો છુટ છે ચાહે રોકાય અથવા મેળવીને પઢે.

∴ બે શબ્દ અથવા બે વાક્યની આગળ પાછળ આવે છે જેમાં એક જગ્યાએ રોકાવું જોઈએ અને એક જગ્યાએ વસ્લ કરવું જોઈએ.

ك "કઝાલેક"નું ટુંકુ રૂપ છે. એટલે કે આ અલામતનો હુકમ પહેલાની અલામત પ્રમાણેનો છે અગર પહેલાની અલામત લાઝીમ હોય તો આ અલામત પણ લાઝીમની સમજવી અને જાએઝની અલામત હોય તો જાએઝની અલામત સમજવી.

**સવાલ**

**(૧)** م - ط - لا - قف - صلى - ∴ આ અલામતોનો મતલબ સમજાવો.

**(૨)** ج અને ز ની અલામતનો ફર્ક સમજાવો.

## પાઠ બારમો
## હરકતની રીત

વકફના સાકીન હોવાની જેમ હરકતને અદા કરવાના અલગ અલગ પ્રકાર છે. જેમાં મશહુર ઈશ્બાઅ અને એમાલાછે.

**ઈશ્બાઅ**

એટલે કે અક્ષરના ઝેર અને પેશને એટલું જોર આપીને પઢવામાં આવે છે કે "ય" અથવા "વાવ"ની અવાજ પૈદા થઈ જાય. આ એ વખતે બનશે જયારે પેશ પહેલા પેશ અથવા ઝબર હોય. અને પછીના અક્ષરમાં પણ હરકત હોય. જેવી રીતે કે اِيَّاكَ نَعْبُدُوَ اِيَّاكَ نَسْتَعِيْنُ અહીંયા نَعْبُدُ ની "દાલ"ને ઈશ્બાઅ સાથે પઢવામાં આવશે. એટલે કે "દાલ"ને " વાવ" ની અવાજ સાથે પઢવામાં આવશે અને اِنَّااَنْزَلْنَاهُ ની હ માં આ વસ્તુ નહીં બને કારણ કે હ પહેલાનો અક્ષર "અલીફ" સાકીન છે.

એવીજ રીતે જયારે ઝેર પહેલા ઝેર હોય અને પછીનો અક્ષર પણ હરકતવાળો હોય ત્યારે પણ ઈશ્બાઅ સાથે પઢવામાં આવશે. જેવી રીતે કે مَالِكِ يَوْمِ الدِّيْنِ અને فَصَلِّ لِرَبِّكَ અહીંયા مَالِكِ ના "કાફ"ને તેમજ لِرَبِّكَ ના "લામ"ને ઈશ્બાઅ સાથે પઢવામાં આવશે.

**એમાલા**

ઝબરમાં ઈશ્બાઅ નથી થતો પંરતુ એમાલા થાય છે. એટલે કે જયારે "વાવ" અથવા "યે" સાકીન હોય અને તે પહેલા ઝબર આવે તો ઝબરને જરાક "વાવ" અથવા "યે"ની અવાજની જેમ અદા કરવામાં આવે છે. જેવી રીતે કે- غَيْر - يَوْم

**ઝમીર**

હુરૂફ અને હરકતોના એહકામ જાણયા પછી એ જાણવું જરૂરી છે કે ઝમીરના એહકામ શું છે ? કઈ જગ્યાએ ઝમીરને સાકીન કરવામાં આવશે અને કઈ જગ્યા પર હરકત સાથે સંપુર્ણ રીતે પઢવામાં આવશે. ઝમીરનો અર્થ એ શબ્દો છે જે નામના બદલે ટુંકમાં લેવામાં આવે છે જેવી રીતે કે هٖ - هٗ વિગેરે. (ગુજરાતીમાં જેવી રીતે કે "તે, તેઓ હું, અમે ....વિગેરે)

هٗ આ ઝમીરનો નિયમ એ છે કે અગર આ ઝમીર પહેલા "ઝેર, ઝબર અથવા પેશ" હોય તો ઝમીરને હરકત સાથે સંપુર્ણ રીતે અદા કરવામાં આવશે. જેવી રીતે કે -كُلُّهٗ - بِهٖ - لَهٗ વિગેરે અહીંયા ه ને ઈશ્બાઅ સાથે અદા કરવામાં આવશે. અને ه પહેલાનો અક્ષર સાકીન હોય તો ટુંકમાં અદા કરવામાં આવશે જેવી રીતે કે- اِلَيْهِ - فِيْهِ - مِنْهُ અહીંયા ه ને એક જટકામાં અદા કરવામાં આવશે.

**સવાલ**

**(૧)** ઈશ્બાઅ અને એમાલાની વ્યાખ્યા મીસાલ સાથે બયાન કરો.

**(૨)** ઝમીર કોને કહેવામાં આવે છે. અને તેનો નિયમ શું છે ? મીસાલ સાથે બયાન કરો.

**(3)** خَيْرِالْعَمَلْ - مَالِكِ يَوْمِ الدِّيْنِ માં કઈ જગ્યાએ ઈશ્બાઅ થશે અને કઈ જગ્યાએ એમાલા થશે

## પાઠ તેરમો

## અમુક જરૂરી વાતો

અત્યાર સુધી જે નિયમો બયાન કરવામાં આવેલ છે તેનો ખ્યાલ રાખવો ફકત કુર્આને મજીદ પઢતી વખતેજ જરૂરી નથી બલ્કે નમાઝ પઢતી વેળાએ પણ આ નિયમોનું અનુસરણ જરૂરી છે. અમુક લોકો આ નિયમોને નઝર અંદાઝ કરી નાખે છે તેઓની નમાઝનું સહીહ થવું મુશ્કીલ છે. દુઆ અને ઝિયારત પઢતી વેળાએ પણ આ નિયમોને ધ્યાનમાં રાખવું જરૂરી છે. માટે જરૂરી છે કે તેમાં એ તમામ ખામીઓ તરફ ધ્યાન આપી તેની સુધારણા કરવામાં આવે જેનાથી નમાઝ વિગેરે સહીહ થાય અને ઈબાદત અલ્લાહની બારગાહમાં કબુલ થઈ શકે. એવ ન બને કે મહેનત પણ કરીએ અને ફળ પણ ન મળે.

**(૧)** નમાઝમાં નિય્યત ઝબાનથી કરવી જરૂરી નથી ફકત દિલમાં એ ખ્યાલ રાખવો કાફી છે કે હું ફલાણી નમાઝ પઢી રહ્યો છું. ઘણા લોકો નિય્યતને ઝબાનથી અદા કરે છે તેમાં કોઈ વાંધો નથી પરંતુ નિય્યત ઝબાનથી બોલતી વખતે જરૂરી છે કે શબ્દોને સહીહ રીતે અદા કરવામાં આવે. ઘણા લોકો નિય્યતમાં قُـرْبَةً اِلّا اللّٰـه કહે છે. જે બહુજ મોટી ભુલ છે. અને તેનો અર્થ બિલકુલ ખોટો થાય છે. સહીહ છે
الىٰ الله જેમાં લામ પર તશ્દીદ નથી.

**(૨)** સલવાતમાં صـــلِّ માં ص થી બોલવામાં આવે છે અગર س બોલશું તો અર્થમાં ઝમીન આસમાનનો ફર્ક થઈ જાય છે. એટલે કે રહેમતની દુઆના બદલે કત્લની દુઆ થઈ જશે.

**(૩)** كفوااحد માં كفوا ને ચાર રીતે પઢી શકાય છે. كُفُواً ، كُفْواً ، كُفُؤاً ، كُفْؤاً

(૪) حَیَّ علی الصّلاۃ અને قَدْقَامَتِ الصَّلوٰۃ માં વકફ કરતી વખતે ۃ ને ہ કરી દેવામાં આવે છે કારણકે 'ગોળ તે' વકફ વખતે ہ માં બદલાઈ જાય છે. પરંતુ ت વકફ વખતે પણ પોતાની અસ્લ હાલત પર બાકી રહે છે.

(૫) અઝાનમાં લોકો خلیفتہ ની ت ને ઝબર સાથે બોલે છે જે ખોટું છે અને તેની અસ્લ હરકત પેશ છે અને પેશ સાથે પઢવુંજ સહીહ કહેવાશે.

(૬) તશહુદમાં اَشْهَدُ اَنَّ مُحَمَّداً عَبْدُہ પઢતી વખતે ઘણા લોકો 'અબ્દ'ના દાલ પર ઝબર રાખે છે આ પણ ભુલ છે અહીંયા પણ સહીહ ઉચ્ચાર પેશનો છે.

(૭) સુરે 'અલહમ્દ'માં المستقیم પઢતી વખતે છુટ છે કે ચાહે મીમને સાકીન કરી શ્વાસ તોડે અથવા તો ઝબર લગાવીને શ્વાસને બાકી રાખે અને તેને ضالین સુધી પહોંચાડે.

(૮) સુરે 'ઈન્ના અન્ઝલના'માં પણ છુટ છે કે

من کل امر سلام પઢતી વેળાએ ચાહે امر પર રોકાય અથવા તો سلام પર રોકાય પરંતુ 'અમ્રીન' પર રોકાતી વેળાએ 'અમ્ર' પઢે અથવા 'સલામુન' પર રોકાતી વેળાએ 'સલામ' કહે.

(૯) કુર્આને મજીદમાં ચાર આયતો એવી છે જેને પઢવાથી સજદો વાજીબ થાય છે. અને તે વાજીબ સજદાવાળી આયતો નીચે મુજબ સુરામાં હોય છે.

૧ સીપારા નં.૨૧ "સુરે સજદા" નં.૩૨ આયત નં.૧૫

૨ સીપારા નં.૨૪ "સુરે હામીમ સજદા" નં.૪૧ આયત નં.૩૮

૩ સીપારા નં.૨૭ "સુરે નજમ" નં.૫૩ આયત નં.૬૨

૪ સીપારા નં.30 "સુરે ઈકરઅ" નં.૯૬ આયત નં.૧૯

આ સુરાઓ નમાઝમાં એહતિયાતની બીના પર ન પઢવી જોઈએ. જાણી જોઈને આ સુરાઓ પઢવાથી નમાઝ બાતિલ થઈ જાય છે. અને અગર કોઈ શખ્સ ભુલથી સજદાની આયતવાળો સુરો શરૂ કરી નાખે અને સજદાની આયત સુધી પહોંચવા પહેલા યાદ આવે તો આ સુરાને તર્ક કરી દયે. અગર જો સજદાની આયત પઢી લીધા પછી યાદ આવે તો સજદાને ઈશારાથી અદા કરે અને નમાઝ પુરી થવા પછી સજદો બજાવી લાવે. અને નમાઝની હાલતમાં બીજી વખત સજદા વાળી આયત સાંભળે તો માથાથી સજદાનો ઈશારો કરે અને નમાઝ પછી બીના બર એહતીયાતે વાજીબ સજદો કરે.

**(૧૦)** "સુરે વઝ્ઝોહા" અને "સુરે અલમ નશ્રહ" નમાઝમાં એક સુરો ગણાશે અને "સુરે ફીલ" અને "સુરે લેઈલાફ" પણ નમાઝમાં એક સુરો ગણાશે.

**(૧૧)** મુસ્તહબ નમાઝોમાં "સુરે અલહમ્દ" સીવાય બીજા સુરા પઢવા જરૂરી નથી પરંતુ અમુક મુસ્તહબ નમાઝોમજેવીકે નમાઝે વહશત જેમાં ખાસ સુરા પઢવાનો હુકમ હોય છે. આ પ્રકારની નમાઝો ત્યાં સુધી સંપુર્ણ નમાઝ નથી કહેવાતી જયાં સુધી તે સુરાઓ પઢવામાં ન આવે.

**(૧૨)** "સુરે અલહમ્દ" પછી અગર "સુરે તૌહીદ" અથવા "સુરે કાફેરૂન" શરૂ કર્યો છે તો તેને અધુરો નથી છોડી શકતા. અને આ બન્ને સુરા સિવાય અલહમ્દ પછી કોઈ સુરો શરૂ કર્યો છે અને તેને અધુરો છોડી બીજો સુરો શરૂ કરવો હોય તો શરૂ કરી શકે છે.

**(૧૩)** બધી નમાઝમાં મુસ્તહબ છે કે પહેલી રકાતમાં સુરે અલહમ્દ પછી સુરે ઈન્ના અન્ઝલના પઢે અને બીજી રકાતમાં સુરે અલહમ્દ પછી સુરે કુલહોવલ્લાહ પઢવામાં આવે. અને પાંચ વખતની

નમાઝમાં કોઈ પણ નમાઝમાં સુરે કુલ હોવલ્લાહ ન પઢવો મકરૂહ છે.

**(૧૪)** સુરે કુલહોવલ્લાહ સિવાય જે સુરો પહેલી રકાતમાં અલહમ્દ પછી પઢવામાં આવ્યો હોય તેજ સુરો બીજી રકાતમાં પઢવો મકરૂહ છે.

**(૧૫)** "સુરે અલહમ્દ' શરૂ કરવા પહેલા "અઉઝો બિલ્લાહે મેનશ્શૈતાનીર રજીમ" કહેવું નમાઝે ઝોહરૈનમાં "બીસ્મીલ્લાહ" બલંદ અવાજે પઢવું. "સુરે અલહમ્દ" અને બીજા સુરાની દરેક આયત પર વકફ કરવું. "સુરે અલહમ્દ" પઢયા પછી અથવા પેશ ઈમામ જયારે "સુરે અલહમ્દ" પુરો કરે ત્યારે "અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન" કહેવું. "સુરે કુલહોવલ્લાહ" પુરો થયા પછી "કઝાલેકલ્લાહો રબ્બી" અથવા "કઝાલેક રબ્બોના" કહેવુ મુસ્તહબ છે.

**સવાલ**

**(૧)** "કુફુવન" ને કેટલી રીતે પઢી શકાય છે?

**(૨)** વકફની હાલતમાં ة ને કેવી રીતે પઢવામાં આવે છે?

**(૩)** અઝાનમાં خـلـيـفـتـه ની "તે" અને તશહુદમાં عَبْدُه ની દાલ પર કઈ હરકત સાથે પઢવું જોઈએ?

**(૪)** من كل امرٍ سلامٌ ને પઢવાની રીત શું છે ?

**(૫)** વાજીબ સજદો કયા કયા સુરામાં અને કયા કયા સીપારામાં છે ? અને કેટલા છે ? બયાન કરો

**(૬)** વાજીબ સજદાવાળી સુરા નમાઝમાં પઢવાનો હુકમ બતાવો.

**(૭)** કયા ચાર સુરા નમાઝમાં બે ગણવામાં આવે છે ?

## પાઠ ચૌદમો

## કુર્આને મજીદ વિષે થોડી જાણકારી

**૧.** કુર્આને મજીદ એક એક આયત અથવા એક એક સુરામાં નાઝિલ થયું છે. 30 સીપારામાં વિભાજન લોકોએ કર્યું છે. તેમજ રૂકુઅ, રૂબ્અ, નીસ્ફ, સુલ્સ...વિગેરે બંદાઓએ બનાવ્યું છે.

**૨.** કુર્આને મજીદમાં કુલ ૧૧૪ સુરા છે.

**૩.** કુર્આને મજીદમાં કુલ ૫૬૧ રૂકુઅ છે જેનું નીશાન ع છે.

**૪.** કુર્આને મજીદમાં કુલ ૬૨૮૫ આયતો છે.

**૫.** કુર્આને મજીદમાં બે લાખ સડસઠ હજાર ત્રેપન (૨૬૭૦૫૩) અક્ષરો છે. જેમાં સૌથી વધારે અલીફ છે. જેની સંખ્યા અડતાલીશ હજાર આઠસો બોતેર (૪૮૮૭૨) છે અને સૌથી ઓછો અક્ષર ઝોય છે જેની સંખ્યા આઠસો બેતાલીશ (૮૪૨) છે.

**સવાલ**

**(૧)** કુર્આને મજીદમાં કુલ કેટલા સુરા છે ?

**(૨)** કુર્આનમાં કેટલા રૂકુઅ અને કેટલી આયતો છે ?

**(૩)** કુર્આને મજીદમાં કુલ કેટલા અક્ષરો છે અને સૌથી વધુ અને સૌથ ઓછો અક્ષર કયો છે ?

## ફીકહ તેમજ અરબી-ફારસીના અઘરા શબ્દોની સમજણ

**ઈબ્ને સબીલઃ** એ મુસાફીર મોમીન જેની પાસે સફરમાં ખર્ચા માટે કશું બાકી ન રહ્યું હોય.

**એહતિયાતઃ** એવી રીત જેના વડે અમલ સહીહ અને અલ્લાહના હુકમ પ્રમાણે થયું હોવાનું યકીન થઈ જાય.

**એહતિયાતે વાજીબઃ** એ હુકમ જે એહતીયાત જેવો હોય અને ફકીહે તેના સાથે ફતવો ન આપેલ હોય. આ પ્રકારના મસાએલમાં તકલીદ કરનાર બીજા મુજતહીદની તકલીદ કરી શકે છે.

**એહતિયાતે લાઝીમઃ** અમલ વખતે તકલીદ કરનાર માટે એહતિયાતે વાજીબ અને એહતિયાતે લાઝીમમાં કોઈ ફર્ક નથી.

**એહતિયાત તર્ક ન કરવી જોઈએઃ** જે મસાએલમાં આ પ્રકારની વાત આવતી હોય અને તેમાં મુજતહીદના ફતવાનો ઝીક્ર ન હોય તો તેને એહતિયાતે વાજીબ સમજવું અને જો મુજતહીદનો ફતવો આવતો હોય તો એહતિયાત પર ભાર મુકવાની તાકીદ સમજવી.

**અહવતઃ** એહતિયાત પ્રમાણે

**એહતિયાતે મુસ્તહબઃ** ફતવા ઉપરાંત એહતિયાત છે. માટે તેને ધ્યાનમાં લેવું જરૂરી નથી તેમ છતા તેને ધ્યાનમાં લેવું બેહતર છે.

**ઈશ્કાલઃ** આ અમલના કારણે ઝીમ્મેદારી સાકીત નથી થતી અને તેને અંજામ પણ ન આપવું જોઈએ અને આ મસઅલામાં બીજા મુજતહીદ તરફ રજુ કરવું જોઈએ.

**અઝહરઃ** વધારે ઝાહિર : મસઅલો દલીલોથી વધારે નઝદીક છે. દલીલો સાથે તર્ક હોવાના કારણે વધારે સ્પષ્ટ છે.

**અઅલમઃ** સૌથી વધારે જાણનાર

**અકરબ એ છેઃ** આ પણ ફતવો જ છે. પરંતુ તેના સાથે વાકય રચનામાં

કોઈ ફતવો ન હોવાનો ઈશારો ન હોય તો.

**અકવા :** આ પણ ફતવો જ છે. પરંતુ વધારે ભાર સાથે કહેવા ચાહે છે.

**અવલા:** વધારે સારૂ, બેહતર

**બઈદ છે:** ફતવો આ પ્રમાણે નથી.

**બઈદ નથી:** ફતવો છે. પરંતુ વાક્ય રચનામાં ફતવો ન હોવાનો કોઈ ઈશારો હોય.

**તસ્બીહાતે અરબઅ:** નમાઝમાં ત્રીજી રકાતમાં પઢવામાં આવતો ઝીક્ર.

**તકલીદ:** મુજતહીદના ફતવા પર અમલ

**જબીરા:** ઝખ્મ પર રાખવામાં આવતી દવા, અથવા ઝખ્મ, અથવા તુટેલા હાડક પર બાંધવામાં આવતી પટ્ટી.

**જલ્લાલ:** એવું જનાવર કે જે ઈન્સાનનું પાયખાુંનખાવાનો આદી થઈ ગયો હોય.

**જહર:** બલંદ અવાજ અથવા કોઈ ચીઝને બલંદ અવાજે પઢવું.

**હાકીમે શરઈ:** એવા મુજતહીદ જેનો હુકમે શરઈ નિયમોની દુનિયામાં મહત્વતા ધરાવતો હોય.

**હદે તરખ્ખુસ:** મસાફતની એ હદ જયાં શહેરની અઝાનનો અવાજ સાંભળવામાં ન આવે અને આબાદીની દીવારો દેખાતી બંધ થઈ જાય.

**હઝર:** વતનને કહેવામાં આવે છે.

**હુનુત:** મય્યતને સીજદામાં અડકત સાત ભાગો પર કપુર લગાવાને હુનુત કહેવામાં આવે છે.

**રજાએ મતલુબીય્યત:** એવી નિય્યત કે જેનો હુકમ શરીઅતમાં નથી આપવામાં આવ્યો પરંતુ અલ્લાહની ખુશનુદી માટે સવાબની નિય્યતથી તે અમલ અંજામ આપવો.

**રૂજુઅ કરવું :** આ શબ્દનો ઉપયોગ બે જગ્યાએ થાય છે.

૧ અઅલમ જે મસઅલામાં એહતિયાતે વાજીબનો હુકમ આપે તે મસઅલામાં કોઈ બીજા મુજતહીદના મસઅલા પ્રમાણે અમલ કરવો.
**૨** પત્નીને તલાકે રજઈ દેવા પછી ઈદા દરમીયાન કોઈ એવી વાત કહેવી જેનાથી એ ખબર પડી જાય કે પતિએ તલાક આપેલ પત્નીને ફરી પોતાની પત્ની બનાવી લીધી છે.

**રઝાઈ:** એ શખ્સ જે કોઈ ઔરતનું દુધ પીવાથી એક બીજાના રીશ્તેદાર બની ગયા હોય જેવી રીતે કે રઝાઈ ભાઈ, રઝાઈ બહેન.

**શાખીસ:** ઝોહરના વખતને નક્કી કરવા માટે ઝમીનમાં લાકડી નાખવી વિગેરે

**શારેઅ:** શરીઅતને બનાવનારને કહેવામાં આવે છે ખુદાવંદને અથવા રસુલે ખુદા સ.અ.વને

**સાઅ:** એવું વાસણ જેમાં ત્રણ કીલો જેટલું સમાઈ શકતું હોય.

**તવાફે નીસા:** હજ અથવા ઉમરએ મુફરદાનો છેલ્લો તવાફ જેને અંજામ ન આપવાથી તવાફ ન કરવાર માટે સોહબત કરવી હરામ રહે છે.

**ઝોહરે શરઈ:** ઝોહરની અઝાનનો વખત. જયારે શાખીસનો છાંયો બીલકુલ ખતમ થઈ જાય અથવા એટલો ઓછો થઈ જાય કે જેનાથી ઓછો ન થઈ શકે મોસમ અને ઉફુકની તબદીલી સાથે તેનો વખત બદલાઈ જાય છે.

**આદીલ:** જે શખ્સ અકીદા અને અમલમાં સહીહ હોય. વાજીબાતને અંજામ આપે અને હરામ કાર્યને તર્ક કરે અને સમાજમાં નેક અખલાક રાખનાર કહેવાતો હોય.

**અદાલત:** એ રૂહાની હાલત જે તકવાના કારણે ઈન્સાનમાં પૈદા થાય છે. જેના કારણે તે ઈન્સાન વાજીબાતને અંજામ આપે છે અને હરામ કાર્યોથી પરહેઝ કરે છે(અસ્લ કિતાબમાં આ રીતે વ્યાખ્યા બ્યાન કરેલ

છે જે ઈશ્કાલથી ખાલી નથી.)

**ગોસાલાઃ** કોઈ ચીઝને ધોવા પછી તેમાં બાકી રહેુંલઅથવા નીચોડતી વખતે નીકળતા પાણીને કહેવામાં આવે છે.

**ગની:** જે પોતાનો તથા પોતાન બાલબચ્ચાનો વરસ ભરનો ખર્ચ ભોગવી શકતો હોય અથવા તેનો વસીલો હોય. તેને કહેવામાં આવે છે.

**ફતવાઃ** શરઈ મસાએલમાં મુજતહીદની નઝર

**ફકીરઃ** જેના પાસે પોતાનો અથવા પોતાના બાલબચ્ચાનો વરસ ભરનો ખર્ચ ભોગવી શકવાની તાકત ન હોય. અથવા તેનો વસીલો પણ ન હોય.

**ફીસબીલીલ્લાહ:** રાહે ખુદામાં એ દરેક નેક કામ જેના થકી મુસલમાનોને ફાયદો પહોંચતો હોય. જેવી રીતે કે મસ્જીદ બનાવવી, પુલ બાંધવો.... વિગેરે

**કસદે ઈન્શાઅઃ** ખરીદ વેચાણ અથવા નીકાહ વખતે તેના ખાસ શબ્દોમાં તે વસ્તુનો ઈરાદો વજુદમાં લાવવાને કહેવામાં આવે છે.

**કસ્દે કુરબતઃ** અથવા કુરબતની નિય્યતઃ અલ્લાહની મરઝી પ્રાપ્ત કરવા અને અલ્લાહની બારગાહથી નઝદીકી પ્રાપ્ત કરવાને કેહ્વામાં આવે છે.

**કસીરૂશ્શકઃ** વધારે શક કરનારને કહેવામાં આવે છે.

**કફ્ફારોઃ** એવા ગુનાહ જેના અંજામ આપવાના કારણે શરીઅતે નક્કી કરેલ સઝા

**મુબાહઃ** એવું કાર્ય જેને કરવું અથવા ન કરવું બરાબર હોય.

**મુજતહિદઃ** કોશીષ કરનાર. એ શખ્સને કહેવામાં આવે છે જે હુકમે ઈલાહીને સમજવામાં ઈજતેહાદના દરજ્જા સુધી પહોંચી ગયો હોય. એટલે કે તેમાં એટલી આવડત પૈદા થઈ ચુકી હોય કે કુર્આન અને હદીસથી અલ્લાહના હુકમોને સમજી શકતો હોય.

**મુજતહિદે જામેઉશ્શરાએતઃ** એવા મુજતહિદ જેની તકલીદ કરવા માટે બધી શર્તો મૌજુદ હોય.

**મેહરમઃ** એ નઝદીકના સંબંધી જેનાથી નીકાહ નથી થઈ શકતા.

**મહેલ્લે ઈશ્કાલઃ** આ કાર્ય કરવામાં ઈશ્કાલ છે. આ અમલનું સહીહ હોવુ મુશ્કીલ છે. (મુકલ્લીદે આ પ્રકારના મસઅલામાં બીજા મુજતહિદની તકલીદ કરી શકે છે.)

**મહલ્લે તઅમ્મુલઃ** એહતિયાત કરવું જોઈએ.(મુકલ્લીદે આ પ્રકારના મસઅલામાં બીજા મુજતહિદની તકલીદ કરી શકે છે.)

**મુદઃ** એવું વાસણ જેમાં તકરીબન સાતસો દસ ગ્રામની જગ્યા હોય.

**મઝીઃ** શહેવતની હાલતમાં નીકળતું એવું પ્રવાહી જે ઉછળયા વગર નીકળે છે.

**મુસ્તતીઅઃ** જેના પર હજ વાજીબ થવાની શર્તો હોય.

**મીસ્કીનઃ** એવો માણસ જેની હાલત ફકીર કરતા પણ ખરાબ હોય.

**મુકલ્લફઃ** બાલિગ આકિલ શખ્સને કહેવામાં આવે છે જેના પર શરીઅતના એહકામ લાગુ પડતા હોય.

**મુમય્યઝઃ** એવું બાળક જે સારા નરસા તેમજ સાચા ખોટાની ઓળખ રાખતો હોય.

**નિય્યતઃ** ઈરાદો ખુદાની ખુશી હાસીલ કરવાનો ઈરાદો

**વાજીબઃ** જે કામ શરીઅતે જરૂરી કહેલ હોય અને તેને તર્ક કરવું અલ્લાહની નારાઝગીનું કારણ બને છે.

**વાજીબે તઅબ્બોદીઃ** એવી વાજીબાતો જેના માટે નિય્યત જરૂરી હોય જેવી કે નમાઝ, ગુસ્લ વિગેરે

**વાજીબે તખ્યીરીઃ** બે વાજીબાતો માંથી એક કરવાનું હોય તો તે બન્ને અમલને વાજીબે તખ્યીરી કહેવામાં આવે છે. જેવી રીતે કે અમુક

મુજતહિદોના ફતવા પ્રમાણે નમાઝે જુમ્મા અથવા નમાઝે ઝોહર

**વાજીબે ઐની:** એવી વાજીબાતો જેને અંજામ આપવું દરેક મુકલ્લફ પર જરૂરી હોય જેવી રીતે કે તહારત

**વાજીબે કીફાઈ:** એવી વાજીબાતો કે જેને કોઈ એક શખ્સ અથવા એક ટોળું અંજામ આપે તો બીજા બધા પર સાકીત થઈ જાય છે અને કોઈ અંજામ ન આપે તો બધા ગુનેહગાર બને છે. જેવી રીતે કે નમાઝે મય્યત, ગુસ્લે મય્યત

**વદી:** એવું પ્રવાહી જે ઘણી વખત પેશાબ કર્યા પછી નીકળે છે.

**વઝી:** એવું પ્રાવહી જે ઘણી વખત મની નિકળયા પછી નીકળે છે.

**હીબે:** ભેટ

**યાએસા:** એવી ઔરતો જેની ઉમ્ર વધારે થઈ જવાના કારણે હૈઝ ન આવતું હોય.

પ્રકાશક
**શાબાન એજયુકેશન એન્ડ વેલ્ફેર સેન્ટર મહુવા.**
પ્લોટ નં. ૩૩, નાગરની વાડી, નવા બસ સ્ટેશન પાસે,
મહુવા. ૩૬૪૨૯૦ ડી. ભાવનગર (ગુજરાત)
ફોન નં. (00૯૧ - ૨૮૪૪) ૨૨૬૮૧0